

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લાગે આઘાત કે તરત અભિવ્યક્ત કરું છું,*
*નથી હું કોઈનો, મારું ન કોઈ અસક્ત કરું છું*
*વ્યક્ત કરું છું સત્ય જે દેખાય-સમજાય મને -*
*નથી દ્વેષ હૃદયમાં, ફક્ત સૌમ્ય સંકેત કરું છું.*
*('સુપ્રભાતમ્' ને બાવીસ વર્ષ પૂર્ણ)*

હાઈકુ

*'સુપ્રભાતમ્' ને*
*આપની 'શુભેચ્છા'થી*
*'ત્રેવીસ' બેઠું...*

*સુજ્ઞ વાચકો,*
*પ્રેમ, પ્રેરણા માટે*
*સૌ નો આભાર...*

### ચિંતન

*તમસ્તમસ્કાર્યમનર્થજાલં નદ્રશ્યતે સત્યુદિતે દિનેશે ।*
*તથાઽદ્વયાને દરસાનુભૂતો નૈવાસ્તિ બન્ધો ન ચ દુઃખ ગન્ધઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**સૂર્યનો ઉદય થતાં જેમ અંધકાર અને અંધકારમાં થતા અનર્થો (ચોરી વગેરે) દેખાતાં નથી તેમ અદ્વિતીય બ્રહ્માનંદ રસની અનુભૂતિ થતાં બંધ રહેતાં નથી અને દુઃખોની ગંધ પણ નથી રહેતી.**

**જેમ સૂર્યના ઉદયથી અંધકારનો નાશ થાય જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાઈ જાય તેમ આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ દિવ્ય આત્મા પર વ્યાપ્ત થતાં જ બધાં અંધકાર, દોષો, બંધનો દુઃખોનો સર્વનાશ થઈ જાય છે.**

### સુવિચાર

- જરૂરિયાત ગરીબને સુધારી દે છે, જયારે સંતુષ્ટતા ધનવાનને સુધારી દે છે - **અમૃતબિંદુ**
- માનવીની સમાધાનવૃત્તિ પરથી સંસ્કારિકતાનું સાચું માપ નીકળે છે - **કુમારપાળ દેસાઈ**
- વિચાર જયારે આચારમાં દૃઢ બની જાય છે ત્યારે તેને સંસ્કાર કહેવામાં આવે છે - **ટાગોર**
- દુઃખનું ભાન ન હોવું અજ્ઞાનથી અથવા અભ્યાસથી) તેનું નામ સુખ - **ગુણવંત શાહ**
- કાયમી વિજયો જેમાં પશ્ચાતાપ ને અવકાશ નથી, તે પોતાની જાત પરના છે - **ગ્રેહામ ગ્રીન**
- સત્યનિષ્ઠ થયાં વિના કર્તવ્યનિષ્ઠ બની શકાતું નથી - **ડો. પ્રવિણ દરજી**
- આજનું ઔષધ : એલચી, ખાંડ અને કોકમને વાટીને ચટણી જેવું બનાવીને ખાવાથી એસીડીટીમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જનરલ રોબર્ટ લી અમેરિકાના મહાન સેનાપતિ હતા... એકવાર રાષ્ટ્રપતિ જેફરસેને જનરલ લીને તેમના હાથ નીચેના અધિકારી વિશે મંતવ્ય જણાવવા કહ્યું. રોબર્ટ લી કહ્યું, 'તે અધિકારી બેહદ કુશળ, અને જવાબદાર વ્યક્તિ છે. તેઓ આપણા દેશ માટે સંપૂર્ણ સમર્પિત નિષ્ઠાવાન અધિકારી છે..!!' રાષ્ટ્રપતિ જેફરસન ખુસ થઈ કહ્યું, મારે તેમને એક મહત્ત્વની જવાબદારી વાળું પદ સોંપવાની ઈચ્છા છે.' મીટીંગ પુરી થયા બાદ તે મીટીંગમાં હાજર બીજા એક અધિકારી રોબર્ટ લી પાસે આવ્યા અને બોલ્યા, 'સાહેબ, મને એક વાત સમજી કે તમે એ અધિકારીના આટલાં બધાં વખાણ કેમ કર્યા ?' રોબર્ટ લીએ કહ્યું, 'મેં સાચું જ કહ્યું છે. તે અધિકારી સમર્પિત અને નિષ્ઠવાન તો છે જ.' પેલા અધિકારીએ કહ્યું, પણ આ તો સારી રીતે જાણો છો કે તે અધિકારી આપના પ્રત્યે શત્રુતાનો ભાવ રાખે છે. અને તેઓ તમારા માટે એકવાર નકારાત્મક પણ બોલ્યા છે.' રોબર્ટ લી એ કહ્યું, 'એમા શું થયું ? રાષ્ટ્રપતિએ એ અધિકારી વિશે મારા વિચાર પૂછ્યા હતા. મારા વિશે તેમના શું વિચાર છે તે નથી પૂછ્યું.' શત્રુ અધિકારીને જયારે આ વાતની ખબર પડી કે રાષ્ટ્રપતિ સામે રોબર્ટ લીએ તેમના કાર્યના વખાણ કર્યા છે તો તે મનોમન ભોંઠો પડી ગયો. અને તેણે કદી ફરીવાર રોબર્ટ લી વિશે કડવાશ ન રાખવા મનોમન નક્કી કર્યું. આમ રોબર્ટ લીના સારા વિચારો અને વાતોએ એક પ્રતિભાશાળી વ્યક્તિની અંદરથી નકારાત્મક વિચારો અને શત્રુતાના ભાવને હંમેશા માટે દૂર કરી દીધા. તમારો સાચો અભિપ્રાય શત્રુના તમારી પ્રત્યેના વેરને પણ દૂર કરી શકે છે.

# જસદણનો જંગ શકવર્તી બની રહેશે

**તંત્રીસ્થાનેથી...**

આલા ખાચરની ભોમકા આટલાં વર્ષો પછી સંતોની સરવાણીને બદલે રાજકારણનું મેદાન બની ગઈ છે તે પણ કેવી વિડંબના છે ! કાઠી દરબારોના આ નાનકડા રજવાડામાં શિવરાજ ખાચર જેવા પ્રકૃતિવિદ્ રાજવી પણ પાક્યા હતા અને હવે એ કોંગ્રેસ-ભાજપ વચ્ચેના ગુરુક્ષેત્રમાં ફેરવાઈ ગયું છે. કુંવરજી બાવળિયા અસંતુષ્ટ કોંગ્રેસી નેતા તરીકે જાણીતા હતા. પાર્ટી એમને મહત્ત્વ તો આપતી હતી પરંતુ એ એમને ઓછું પજતું હતું. એમને ગુજરાત કોંગ્રેસના અન્ય આગેવાનોની સરખામણીએ હાઈકમાંડ પોતાની ઉપેક્ષા કરતું હોય એ ફીલ થતું રહ્યું. આખરે જયારે ગત વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીએ એમને વિપક્ષના નેતા પદે કે પ્રદેશ પ્રમુખ પદે ન જ મૂક્યા ત્યારે નારાજ થઈને ભારતીય જનતા પાર્ટી સાથેના ઘણા સમયથી ચાલતાં રહેલાં છાનગપતિયાંને અંજામ આપી જ દીધો અને કેસરિયો ખેસ પહેલી લીધો. ભારતીય જનતા પાર્ટીને આ કોળી નેતામાં પોતાના ભવિષ્યના પ્રશ્નો ઉકેલાતા વરતાયા. છેલ્લા કેટલાક દાયકાઓથી કોળી મતદારોને રીઝવવા માટે એની પાસે પુરુષોત્તમ સોલંકી જેવા આગેવાન હુકમનો એક્કો બની રહ્યા હતા. થોડા વર્ષોથી તેઓ બિમાર છે અને પાર્ટીના વર્તન વ્યવહારથી ખાસ્સા નારાજ પણ છે. એમના વિકલ્પે સૌરાષ્ટ્રમાં આ સમુદાય ઉપરાંત કાઠી સમુદાય પર પણ પ્રભાવ ધરાવનારાં કુંવરજી પણ ભાજપની સર્વોચ્ચ નેતાગીરીની નજર ઠરેલી હતી. કુંવરજીને કોંગ્રેસમાં પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી થવાની શક્યતા નહીંવત લાગતાં એમને ભાજપમાં શરતી પ્રવેશ મેળવી લીધો. કેસરિયો ખેસ ધારણ કર્યાના ચાર જ કલાક જેટલા ટૂંકા ગાળામાં એણને કેબિનેટ મંત્રી તરીકે શપથ લેવડાવી દઈ ભારતીય જનતા પાર્ટીએ લોકશાહીનાં મૂલ્યોનું ધોવાણ કઈ હદે પહોંચી ચૂક્યું છે એનું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. કુંવરજી તાબડતોબ કોંગ્રેસમાંથી અને કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દે એથી એ ભાજપ સરકારના મંત્રી માટે લાયક બની જાય એવી વાત એમને ચૂંટનારા મતદાતાઓના ગળે ઉતારવી મુશ્કેલ છે. એમને જિતાડી બતાવવા એ ભારતીય જનતા પાર્ટીની જવાબદારી બની ગઈ છે. એથી શામ, દામ, દંડ, ભેદ- તમામ પ્રકારના હથકંડા અપનાવી જસદણ બેઠક પરથી કુંવરજી બાવળિયાને વિજયી બનાવવા હાઈકમાંડની આજ્ઞાથી ગુજરાત પ્રદેશ એકમદ અને સરકાર સક્રિય બની ગઈ છે. કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર શોધવામાં તકલીફ પડી રહી છે. આ બેઠક બેઉ પ્રતિસ્પર્ધી પાર્ટીઓ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ચૂકી છે. કોંગ્રેસ કુંવરજીને હરાવી શકશે તો એની બાંધી મૂઠીની આબરૂ અકબંધ રહેશે. એટલું જ નહીં આગામ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે એ ભાજપ માટે સારા શુકન બની રહેશે.

# જો બોલતે હૈ વો કરતે નહીં....



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

*બરસતે નહીં, જો બરસતે હૈ વો ગરજતે નહીં... જો કરતે હે વો બોલતે નહીં.... જો બોલતે હૈ વો કરતે નહીં....*

*- હદ કર દી આપને*

**ઈ.સ. ૨૦૦૦માં આવેલી 'હદ કર દી આપને' ફિલ્મ મનોજ અગ્રવાલે દિગ્દર્શિત કરી હતી. કોંગ્રેસ અને રાની મુખરજી અભિનિત આ ફિલ્મ ટીપીકલ 'ગોવિંદા મસાલા' ફિલ્મ હતી. જે સેમી હીટ રહી હતી. આ ફિલ્મના સંવાદ અનવર ખાને લખ્યા હતા. આમ તો ગોવિંદાની સંવાદ બોલવાની સ્ટાઈલ જ એવી યુનિક- કોમિક ટાઈમીંગ ધરાવતી હોય છે કે, ગેમ તેવા સીધા સરળ ડાયલોગને ખાસ બનાવીને રજૂ કરે. આ સંવાદ પણ ખરેખર સંસારમાં ભટકાતા એવા લોકો ઉપર કટાક્ષ કરે છે, જે બડાઈઓ ખૂબ હાંકતા હોય, પરંતુ નક્કર કામ કરવામાં શૂન્ય હોય છે. ખૂબ જ ઝડપથી આ સંવાદ બોલીને દર્શકોએ સાંભળેલી જૂની વસ્તુ પણ નવી રીતે રજૂ કરવામાં ગોવિંદાને મહારથ હાંસિલ હતો.**

**આ કટાક્ષ સંવાદ સુભાષિત રત્ન ભાણ્ડાગારમાં પણ દષ્ટિગોચર થાય છે.**

**યે ગર્જન્તિ મુહુર્મુહુર્જલધરા વર્ષન્તિ નૈતાદૃશાઃ ।**

**- જે વાદળ વારંવાર ગરજે છે, તે વરસાતા નથી.**

**છે ને ! બિલકુલ અદ્દલ ઉપરનાં સંવાદનું ભાષાંતર સમું સુભાષિત. સુભાષિત રત્ન ભાણ્ડાગારમાં નીતિ વિષયક શ્લોકોનો અપાર સંગ્રહ છે. તેમાંથી ઉપર્યુક્ત પંક્તિ ઉદ્દ્ધૃત કરી છે.**

**આ શાસ્ત્રકથન શ્રીમાન અનવર ખાને ફિલ્મી સંવાદ રૂપે ભલે ઈ.સ. ૨૦૦૦માં લખ્યું હોય પરંતુ, વાસ્તવમાં સંસારનો આ અકાટ્ય નિયમ આપણા સંસ્કૃત સાહિત્યમાં તો હજારો વર્ષો પહેલા જ કહેવાઈ ચૂક્યો છે.**

**સંસ્કૃત સાહિત્ય ઉત્સાહ અને રસપૂર્વક લોકભોગ્ય બનાવવામાં આવે તો, આ સંસ્કૃત ભાષા પોતાની મોહિનીથી સૌને વશમાં કરી લે તેવી શક્તિ આ ભાષામાં છે.**

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# કાવ્ય-વાર્તાપઠન કાર્યક્રમ યોજાયું



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા કાર્યક્રમ 'વાર્તા-વાંચન', કાવ્ય પઠન અને વિચારવિમર્શ' અંતર્ગત તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવના સમિતિ ખંડમાં એક સાહિત્યિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમનાં સંચાલક મૂળજીભાઈ દધિએ સર્વેને સ્નેહભીનો આવકાર આપ્યો અને ડૉ. મોહન ડોડિયા અને વાર્તાવાચન કરનાર લેખખ પ્રીતેશ અમીનનો પરિચય આપ્યો. વાર્તાકાર પ્રીતેશ અમીને તેઓના વાર્તાસંગ્રહ 'સપનાના સૂરજ આથમી ગયા' માંથી 'એક આદિવાસી સ્ત્રી' અને 'મરણચીસ'નું વાંચન કર્યુ હતું. જયારે કવિ નગીનચંદ્ર ડોડિયાએ તેમનાં કાવ્યો-ગઝલ (૧) હું ઈચ્છું અજવાસ (૨) કેવા છો? કયાં રહેવાનું (૩) બંગલા બાંધ્યા (૪) આ દેશમાં (૫) સંવિધાનનું સ્વમુખે પઠન કર્યુ હતું. અને મહેમાન સાહિત્યકાર રામજીભાઈ રાઠોડ એ તેમની રચનાઓ 'હતાશા' અને 'હવે તો બંધ કરો' નું પઠન કર્યુ હતું. અને હાજર કવિઓ - લેખકોએ આ રજૂ થયેલ કાવ્ય-ગઝલ-વાર્તાઓ અન્વયે વિચાર-વિમર્શ અને સમીક્ષા તથા વિવેચન કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન મંત્રી મૂળજીભાઈ પરમારે કર્યુ હતું. જયારે આભારવિધિ રામ સોલંકીએ કરી હતી. આ સાહિત્યિક કાર્યક્રમમાં દલપત ચોહાણ, હિતેન્દ્ર હિતકર, ભી.ન. વણકર, હિતેશ રાઠોડ, નટુભાઈ પરમાર, રાઘવજી માધડ, રૂચિર અમીન, પ્રવીણ શ્રીમાળી, હરગોવિંદ મકવાણા, યોગેન્દ્ર ચૌહાણ, રમણ વાઘેલા, ડૉ. યશવંત વાઘેલા, નારણ વાઘેલા વિગેરે સાહિત્યકારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

muljibhaidadhi@gmail.com

# સહકારી ચળવળ : જન સમૂહને કેન્દ્રમાં રાખી થતો વિકાસ



**ક્ષણના ચણીબોર**


વી. એસ. ગઢવી

ગુજરાત બે બાબતો ઉપર સકારણ ગૌરવ લઈ શકે છે. તેમાં એક પંચાયતી રાજ તથા બીજી સહકારી પ્રવૃત્તિ છે. પંચાયતી રાજયનું દિશાદર્શન કરાવનાર તેમજ નેતૃત્વ કરનાર કરનાર બળવંતરાય મહેતા એ ગુજરાતના દિગ્ગજ આગેવાન છે. મહેતા સાહેબ પછી પણ ઉત્તર ગુજરાતમાં રીખવદાસ શાહ તેમજ સૌરાષ્ટ્રમાં વલ્લભભાઈ પટેલે પંચાયતી રાજ્યમાં પ્રાણ પુરવાના નિષ્ઠાપૂર્વક પ્રયાસો કર્યા છે. સહકારી પ્રવૃત્તિમાં તો તેના ભિષ્મ પિતામહ સમાન ત્રિભુવનદાસ પટેલ ચરોતરની પ્રાણવાન ભૂમિનું સંતાન છે. ઉપરાંત મોતીભાઈ ચૌધરી તેમજ સ્વસ્થતાની મૂર્તિ સમાન જયરામભાઈ પટેલ પણ રાજ્ય ઉપરાંત સમગ્ર દેશની સહકારી પ્રવૃત્તિને દોરવામાં અગ્રભાગે રહેલા છે. ત્રિભુવનદાસ પટેલ માટે ડૉ. કુરિયન પાસેથી એક વાત સાંભળી હતી. આ વાત કદી વિસ્મૃત થાય તેવી નથી. કુરિયન સાહેબ કહેતા કે મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ કાર્યક્ષમ મેનેજરો જરૂર પૂરા પાડી શકે પરંતુ ત્રિભુવનદાસ પટેલ જેવી વિભૂતિનું ઘડતર સંસ્કાર તથા દ્રઢ મનોબળ થકીજ થઈ શકે. આવા આગેવાનોએ સહકારી પ્રવૃત્તિને અસરકારકતેમજ પ્રાણવાન બનાવવા પોતાનું લોહી રેડ્યું છે. નવેમ્બર માસ એ સહકાર સપ્તાહની ઉજવણી કરવાનો મહીનો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ આવી ઉજવણી કરવામાં આવે છે. આથી આ માસમાં સહકારી પ્રવૃત્તિની ધૂણી ધખાવનાર સહકારી અગ્રણીઓની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે. આજે આપણે પંચાયતી રાજ્ય તથા સહકારી પ્રવૃત્તિની ગુણવત્તા તેમજ વિશ્વસનિયતાના સંદર્ભમાં ક્યાં ઊભા છીએ તેનું આત્મનિરીક્ષણ કરવાનો પણ આ ઉચિત સમય છે. એકાદ બેંક તેના મધ્યમવર્ગના સભાસદોને તેમની ડીપોઝીટના નાણાં સમયસર પરત ન કરે તો સમગ્ર સહકારી પ્રવૃત્તિની શાખ ઓછી થાય છે. આપણે તેનો અનુભવ પણ નજીકના ભૂતકાળમાં કરેલો છે. એજ રીતે પંચાયતી રાજ્યના વાહકો માત્ર પોતાનું રાજકીય જોડાણ કેન્દ્રમાં રાખીનેજ નિર્ણયો કરે તો પંચાયતી રાજ્ય તરફની લોકની શ્રધ્ધા પણ ડગમગી જાય છે. સહકારી પ્રવૃત્તિ તેમજ પંચાયતી રાજ્યના સુયોગ્ય મિશ્રણ થકીજ ગાંધીજીની કલ્પના મુજબના ગ્રામ સ્વરાજનું નિર્માણ થઈ શકે છે. આજની સ્થિતિમાં સુધાર લાવવાની જરૂર છે. નાગરિકોની જાગૃતિ સિવાય માત્ર કાનૂની વ્યવસ્થાના ટેકાથી સુધારો આવવાની શક્યતા નહિવત છે. બન્ને વ્યવસ્થાઓ તો પ્રાણવાન છેજ. આપણાં સાચી દિશાના પ્રયાસોજ ક્યાંક ઉણા ઉતરતા હોય તેમ લાગ્યા કરે છે. સાચી દિશાના આવા મજબૂત તથા ધારદાર પ્રયાસો કરનાર સવાઈ ગુજરાતી ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ પણ નવેમ્બર માસમાં થયો હતો. કુરિયન સાહેબનું ઋણી માત્ર ગુજરાતજ નહિ સમગ્ર દેશ અને કદાચ વિશ્વના ઘણાં દેશો છે. ડો. કુરિયનના સંદર્ભમાં સાડા છ થી સાત દાયકા પહેલાની એક નોંધાયેલી અને રસપ્રદ ઘટના યાદ આવે છે.

છ સાડા છ દાયકા પહેલાના મધ્ય ગુજરાતના આણંદ નગરમાં પ્રધાનમંત્રીનું આગમન થાય એ ઘટના અસાધારણ નહિ તો નોંધપાત્ર જરૂર ગણાય. પરંતુ જયારે કોઈ બાબતનો ઈતિહાસ રચાય ત્યારે આવી અનેક ઘટનાઓ બનતી હોય છે. આવી નાની-મોટી ઘટનાઓજ એક મહત્વના અને ભાતીગળ ઈતિહાસનો ભાગ બને છે. ૧૯૫૫ના ૩૧ મી ઓકટોબરે આણંદના સ્ટેશને દેશના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુનું આગમન થયું. પંડિતજી સાથે તેમના પુત્રી ઈન્દિરાજી પણ હતા. ચરોતરની વીરભૂમિના દૂધ ઉત્પાદકોના પ્રતિનિધિ તરીકે ડૉકટર વર્ગીસ કુરિયન પંડિતજીની આ યાત્રાના યજમાન હતા. કુરિયન સાહેબના ઘેર પ્રધાનમંત્રીને લઈ જવામાં આવ્યા. નહેરુજીના સવારના નાસ્તા માટે ડૉ. કુરિયન તથા તેમના ધર્મપત્ની મોલીએ નાની નાની બાબત માટે પણ સંપૂર્ણ કાળજી લીધી હતી. આ બધી તૈયારીના ભાગ રૂપે પંડિતજીના કોટ પર લગાડવાના ગુલાબના ફૂલનો પણ સમાવેશ થતો હતો. આ માટે પુષ્પ પ્રેમી પંડિતજીની પસંદગી પણ ખાસ હતી. આવુ ગુલાબ તૈયાર રાખવાના પ્રયોગો-પ્રયાસો યજમાન દંપતીએ કર્યા. તેમાં તેમને ઠીક – ઠીક સફળતા પણ મળી. પરંતુ જવાહરલાલજી જયારે સવારમાં તૈયાર થઈને તેમના રૂમમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમના કોટના ગાજ પર એક ગુલાબનું ફૂલ ભરાવેલું જ હતું. સૌના મો પર આશ્ચર્યના ભાવ જોઈ શકાતાં હતા. પછીથી વિચાર કરતા રહસ્ય સ્ફોટ થયો કે પંડિતજીએ તેમના રૂમમાં મુકાયેલા એક ગુલદસ્તામાંથી ગુલાબનું ફૂલ જાતે તોડીને કોટમાં લગાવી દીધુ હતું ! હાજર સો હથિયાર ! પરંતુ યજમાન દંપતીએ કાળજીથી મહેમાન માટે તૈયાર રાખેલું ટ્રેમાં પડેલું ફૂલ જોઈ પંડિતજી પ્રસન્ન થયા. તેમણે તરત જ પોતે લગાડેલું ગુલાબ કાઢી લીધુ અને ટ્રેમાં પડેલું ગુલાબનું ફૂલ કોટ પર લગાડી દીધુ. યજમાન દંપતીને પોતાની મહેનત ફળી તેનો સંતોષ થયો. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાને સરદારસાહેના જન્મદિવસે રાષ્ટ્રની સર્વપ્રથમ ડેરીના ઉત્પાદનો માટેના આધુનિક પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. ચરોતરની ભૂમિના મહેનતુ કિસાનો-પશુ પાલકોને તેમજ સહકારી પ્રવૃત્તિને પંડિતજીએ મોકળા મને બિરદાવી. પ્રસંગ સારી રીતે સંપન્ન થયો. મોરારજીભાઈએ પ્રધાનમંત્રીને કહ્યુંઃ કુરિયને આ ડેરી રેકોર્ડ સમયમાં બાંધી છે અને ચલાવી છે. ઉપરાંત દુનિયાભરનો આ સર્વપ્રથમ પ્લાન્ટ છે જયાં ભેંસના દૂધમાંથી દૂધ પાવડર બને છે'' પ્રધાનમંત્રીની પ્રસન્નતા અને પ્રસંગની સફળતા ડૉ. વર્ગીસ કુરિયનના જીવનની ચિરંજીવી ક્ષણો રહી.

ડૉ. વર્ગીસ કુરિયનને 'સવાઈ ગુજરાતી' કહીએ તો તેમાં અતિશયોકિત નથી. ગુજરાતે કુરિયનને ભરપુર સ્નેહઅને માન આપ્યા. કુરિયનના વિચારોને અમલમાં મૂકવાની સંપૂર્ણ મોકળાશ અને હૂંફઆપી. કુરિયને રાત-દિવસ મહેનત કરીને સહકારી ધોરણે દૂત ઉત્પાદન-પ્રોસેસીંગ તથા વિતરણની એક કાળના પ્રવાહમાં ટકે તેવી મજબૂત વ્યવસ્થા ગોઠવી આપી. સુવિખ્યાત સહકારી આગેવાન વૈકુંઠભાઈ મહેતાના આપણાં રાજયમાં ત્રિભુવનદાસની પ્રેરણાથી કુરિયન સાહેબુનં કાર્ય સરળ થયું. કુરિયનની સ્મૃતિને દર વર્ષે નવેમ્બર માસમાં તેમના જન્મ દિવસે વિશેષ રીતે તાજી કરવામાં આવે છે તે સ્વાભાવિક છે. લોકોની વાસ્તવિક ભાગીદારી અને લોક જાગૃતિ એજ લોકોની સમસ્યાનો કાયમી અને ટકાઉ ઉકેલ લાવી શકે છે તેનેજ ડૉ. વર્ગીસ કુરિયનના જીવનનો મહત્વનો સંદેશ ગણવો જોઈએ.


# ગાંધી સરકારના અખૂટ સંબંધની ગાંઠ : નૈતિકતા



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

અમદાવાદના જુવાન વકીલો મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખ જયારે પહેલી વહેલીવાર કોચરબ આશ્રમમાં 'ગાંધી સાહેબ'ને મળવા નીકળ્યા. ત્યારે ગુજરાત કલબમાં બેસીને પત્તા રમતાં રમતાં વલ્લભભાઈ પટેલે એમની ટીખળ ઉડાડીને પૂછેલું કે ત્યાં તે વળી શું જોવા જવાનું છે ? આ જ વલ્લભભાઈ ત્યારબાદ થોડા વર્ષોમાં ગાંધીજીના મોટા ભક્ત શી રીતે થઈ ગયા ? ગાંધીજી અને સરદાર વચ્ચે એવું તે કેવું તત્ત્વ હતું કે જેને લીધે એ બે વચ્ચેનો સંબંધ અનેક મતભેદો છતાંયે આખી જિંદગી અખૂટ રહ્યો ? - આ સવાલ ગાંધીવાદી મુરબ્બી નારાયણભાઈ દેસાઈનો જ નથી મારા તમારા સહુ કોઈનો છે. આ સવાલનો જવાબ પણ નારાયણભાઈ પાસેથી મળે છે.



'મને કેમ વીસરે રે ?' પુસ્તક પહેલા પ્રકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિશે નોંધતા નારાયણ દેસાઈ લખે છે : 'સરદાર અને ગાંધીજીનો સંબંધ અખૂટ રહ્યો એમાં મુખ્ય કારણ એવું છે કે ગાંધીજીનો વ્યવહારના પાયા પર ઊભરતો આદર્શવાદ અને સરદારનો આરર્શોન્મુખ વાસ્તવવાદ. ગાંધીજી આદર્શવાદી હતા પણ આદર્શ કદી વ્યવહારમાં ઉતરી જ ન શકે, એવો કોઈ આદર્શ તેમને ખપતો ન હતો. તેથી જ તો ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં ભાવિ ભારતની સ્મૃતિ અંગે એક સુરેખ ચિત્ર તેમને રજૂ કર્યું હતું. છતાં હિંદ સ્વરાજ લખ્યા બાદ પૂરાં સાંત વર્ષે ભારત આવ્યા ત્યારે ભારત સારું રાજનૈતિક પરાધીનતામાંથી મુક્તિ જેવો પ્રમાણમાં ટૂંકો ઉદ્દેશ તેમને સ્વીકારી લીધો અને આદર્શ સમાજ રચના અંગેનો પોતાનો ખરો આદર્શ મનની કદી જતો ન હતો કર્યો ને છતાં રોજિંદા જીવનનો વધુમાં વધુ સમય તો તેમણે સ્વરાજ પ્રાપ્તિના તાત્કાલિક ધ્યેય પાછળ જ ગાળ્યો.'

**ગાંધીની સતત ટીકા કરનાર સરદાર સાથી કેવી રીતે બન્યા ?**

જયારે સરદાર સાહેબ તો સ્વભાવમાં ય લોહપુરુષ જ હતા. તેમને તળપદી ગુજરાતી કહેવત હૈયે અને હોઠે વસેલી હતી, સરદારને ટપટપ સાથે નહીં, મમ્ મમ્ સાથે કામ હતું. ગાંધીમાં તેમણે એ જોયું કે આ માણસ તો જે કહે તે કહી બતાવે છે. આનાથી વધુ વાસ્તવવાદી બીજો કોણ હોઈ શકે ? વળી સ્વભાવગત રીતે સરદારને એવા વાસ્તવવાદની ખપ હતી કે જે આદર્શ તરફ લઈ જતો હોય. આદર્શવિહીન વાસ્તવવાદમાં તેમને કદીયે રસ ન હતો. ગાંધીજીના વિચાર-વાણી-વર્તન અને સત્યના પ્રયોગો સમા વ્યવહાર જોઈ સમજીને સરદાર આજીવન ગાંધીના સબળ સાથી તરીકે રહ્યા હતા એવો મત નારાયણ દેસાઈ રજૂ કરે છે.

ગાંધીજી અને સરદારનો મેળ ખાવાનું બીજું એક તર્કબદ્ધ કારણ તેઓની દૃષ્ટિએ એ હતું કે બંને જણ મુખ્યત્વે બે સ્તરો પર કામ કરતા હતા. ગાંધીજી નૈતિક અને આધ્યાત્મિક સ્તરે કામ કરતા હતા તો સરદાર રાજનૈતિક અને નૈતિક સ્તરે કામ કરતા હતા. બંને વચ્ચેના અતૂટ સંબંધનું સંધાન સ્તર નૈતિકતાનું હતું, તેથી નૈતિકતાના સ્તર ઉપર બંને એક થઈ જતા હતા. બંને વચ્ચેના નૈતિકતાના સાધારણના કારણે તેમના વચ્ચે મતભેદ ઊભો થાય તો પણ થોડા સમયમાં એક થઈ જતા હતા.

ગાંધી સાથે સરદારને વાંધો પડ્યો હોય એવા અનેક પ્રસંગો છે. એક સમયે એ બંને વચ્ચે ભારતે બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થવું કે નહીં, સામેલ થવું હોય તો કઈ શરતે થવું એ પ્રશ્ન અંગે તેમની વચ્ચે મતભેદ થયો હતો. કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં બહુમત સરદાર તરફી હતો અને અલ્પમત ગાંધીજીની સાથે. એક સમયે સરદાર અને રાજાજી એક તરફ હતા અને ગાંધીજી બીજા છેડે બાજુએ પડી ગયા હતા. એ કાળમાં પણ બિમાર ગાંધીજીની ખબર કાઢવા વિના સરદારને ચેન ન પડતું. સેવાગ્રામમાં ત્યારે નવો નવો ટેલિફોન લાગ્યો હતો. અને ટ્રંકકોલ એ નવાઈનો વિષય ગણાયો ! ગાંધીથી સરદાર એ સમયે દૂર મુંબઈ હતા. પણ રોજ સવારે કે સાંજે મુંબઈથી મહાદેવભાઈ માટે સરદારનો ટ્રંકકોલ આવે જ. સરદારના ટ્રંકકોલમાં પહેલો જ પ્રશ્ન હોય - 'ડોસા શું વિચારે છે ?' પછી જે વાત ચાલે તે છ મિનિટે જ માંડ પૂરી થાય. અને જો સરદારનો ફોન ન આવે તો 'ડોસા'ને પણ નવાઈ પામતા કે બેચેન બનતા નારાયણ દેસાઈએ જોયા હતા!

નારાયણભાઈ ગાંધી અને સરદારના સંબંધોની મજબૂત પીઠિકાનું લઘુત્તમ સામાન્ય એવું પણ તારવે છે કે આ બંનેમાં અભયનો ગુણ પણ સમાનરૂપે વિકસ્યો હતો. તેથી જ બંને ભારે કટોકટીના કાળમાં પણ ખભે ખભો મેળવીને ચાલી શક્યા અને બંનેના સંયુક્ત પુરુષાર્થ વડે પ્રારંભમાં ગુજરાતની અને છેવટે દેશની ભૂમિમાં માટીમાંથી મરદ પાક્યા. અને આ મરદ તો એવા બળૂકા મરદ કે જેમણે સત્ય અને અહિંસાના ચીલે દુનિયાને રાહ બતાવ્યો એમ કહી શકાય.

ગાંધી સરદારની જુગલબંધીની વાતો આવતા અંકમાં પણ આપણે કરીશું.

સંદર્ભ : મને કેમ વીસરે રે - લેખક, નારાયણ દેસાઈ.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)